## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




તારું રિઝલ્ટ સારૂ જ છે બેટા, તારા પપ્પાના આખા ખાનદાનમાં બધાને ૯૮.૪ તાવ જ આવ્યો છે આટલું રિઝલ્ટ તો કદી નથી આવ્યું...!!!

# ચેક રીટર્નના કેસમાં આરોપીને બે વર્ષની કેદની સજા

## મિત્રતાના નાતે સામાજિક કામ માટે રૂ.૧.૫૦ લાખ હાથ ઉછીના આપ્યા હતા

ગાંધીનગર તા ૧૧

સામાજિક કામ માટે મિત્રને રૂ ૧.૫૦ લાખ હાથ ઉછીના આપવાના કેસમાં ગાંધીનગર કાર્ટે આરોપીને બે વર્ષની સાદી કેદની સજા તેમજ તેમજ દોઢ લાખ વળતર પેટે ચુકવવાનો હુકમ કર્યો છે.

આ કેસની વિગત અનુસાર શહેરના કુડાસણ વિસ્તારમાં કાનમ રેસીડન્સીમાં રહેતા વિષ્ણુભાઈ પ્રભુદાસ પટેલ તેમજ ધોળાકુવા ઠાકોરવાસમાં રહેતા પ્રકાશ તુલસીદાસ તૈલી વચ્ચે મિત્રતાના સંબંધ હતા. મિત્રને સામાજિક કામ હોવાના લીધે વિષ્ણુભાઈ તેમના મિત્ર પ્રકાશને રૂ ૧.૫૦ લાખ હાથ ઉછીના આપ્યા હતા. જયારે આરોપીએ આ અન્વયે રૂ ૧.૫૦ લાખનો ચેક પણ આપ્યો હતો. પરંતુ આ ચેક બેંકમાં જમા કરાવતા ચેક બેંકમાંથી અપુરતા ભંડોળના શેરા સાથે પરત થયો હતો. આ મામલે આરોપીને વકીલ મારફતે નોટીસ આપવા છતા લેંણી રકમ ચુકવી ન હતી. જેથી આરોપી વિરુધ્ધ નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ અન્વયે વકીલ મારફતે કોર્ટમાં ફરિયાદ દાખલ કરી હતી. આ કેસ ગાંધીનગરની પાંચમાં એડી ચીફ જયુ મેજી.કોર્ટમાં ચાલી જતા ફરિયાદી તરફેના વકીલ પ્રકાશ રાવલની દલીલો તેમજ પુરાવાઓને ધ્યાને લઈ જજ આર ડી મહેતાએ આરોપીને બે વર્ષની સાદી કેદની સજા તેમજ રૂ ૧.૫૦ લાખ વળતર પેટે ચુકવવા માટે આદેશ કર્યો છે.

**રક્તદાન મહાદાન**

# બેરોકટોક ચાલતો મકાન ભાડાનો વ્યવસાય પાટનગરની સુરક્ષા માટે જોખમી

### ઘણા મકાન માલિકોને ખબર પણ હોતી નથી કે તેમના મકાનમાં કોણ રહે છે : ભાડાના મકાનની દલાલીનો ધીકતો ધંધો : પોલીસ નોંધણીમાં ઉદાસીનતા જોખમી

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર છેલ્લાં કેટલાક વર્ષથી ખુબજ ઝડપથી વિકાસ પામી રહ્યું છે અને ખાસ કરીને ટીસીએસ સહિતની કંપનીઓના આગમન ઉપરાંત અનેક શૈક્ષણિક સંસ્થાઓના વિકાસથી પાટનગર હવે સરકારી ઉપરાંત ખાનગી નોકરીઓ તથા શિક્ષણક્ષેત્રે મહત્વનું સ્થાન ધરાવતું શહેર બનવા પામ્યું છે. આ કારણે શહેરમાં અનેક પરિવારો તથા 'સિંગલ' નાગરિકો સ્થળાંતર કરી અહીં વસવાટ કરવા આવી રહ્યાં છે. જેને પગલે શહેરમાં ખાનગી હોસ્ટેલ્સ તથા પેઈંગગેસ્ટ ઉપરાંત મકાન ભાડે આપવાના વ્યવસાયમાં ઉછાળો આવ્યો છે. જોકે મકાન ભાડે આપવામાં પોલીસ ચોપડે નોંધણી કરાવવાની ફરજિયાત હોવા છતાં શહેરમાં આ બાબતની છડેચોક અવગણના થતી જોવાઈ રહી છે. જેના કારણે માત્ર પાટનગરની સુરક્ષા પરજ જોખમ ખડું નથી થયું પરંતુ સ્થાનિક રહીશો પરેશાનીનો ભોગ બની રહ્યાં છે અને સાથે સાથે સ્થાનિક સ્વરાજની સંસ્થા કરની આવક પણ ગુમાવી રહી છે કેમકે મોટેભાગે આ પ્રકારની કોમર્શિયલ પ્રવૃતિ શહેરના રહેણાંક વિસ્તારોના મકાનોમાં બેરોકટોક ચાલી રહી છે.

ગાંધીનગરમાં હાલ મકાન ભાડે આપવાનો ધંધો ખૂબ જ ફુલ્યો ફાલ્યો છે જેમાં દલાલોની સક્રિય ભૂમિકા જોવા મળી છે. શહેરમાં ભાડે મકાન આપતા-અપાવતા દલાલોની સંખ્યા પણ ખુબ મોટી જોવા મળી રહી છે અને અનેક કિસ્સામાં મકાન માલિકને તો ખબર પણ નથી હોતી કે તેના મકાનમાં કોણ રહે છે તેને તો માત્ર ભાડાની આવક સાથે જ નિસ્બત હોય છે કેમ કે તેમાં તગડી કમાણી થઈ રહી છે. સાંસ્કૃતિક અને કર્મચારી નગર કહેવાતા ગાંધીનગરમાં બહારથી આવી રહેલા બેચલર્સ અથવા સિંગલ્સ નોકરિયાતો કે સ્પર્ધાત્મક પરીક્ષાના ઉમેદવારોમાં અનેક ભાડુઆતો સ્વછંદી હોવાને કારણે ભાડાના મકાનમાં બેરોકટોક મોડી રાત્રિ સુધી પાર્ટીઓ કરવી, મોટા અવાજે સંગીત વગાડવુ, બેફામ ભાષાનો પ્રયોગ કરવો, સીગારેટ-બીડી-તુમાકુ વગેરે જેવા વ્યસનોનું સેવન કરવુ, કચરાનો યોગ્ય નિકાલ ના કરી અસ્વચ્છતા ફેલાવવી તથા મોડી રાત્રીએ અવરજવર કરવી જેવી હરકતોને કારણે તેમની આસપાસ રહેતા રહીશો પરેશાનીનો ભોગ બની રહ્યાં છે. આ કારણે તો અનેક સોસાયટીઓમાં બેચલર્સ કે સિંગલ્સને મકાન ભાડે આપવા નહી તેવા નિયમો કરી દેવાયા છે જેના કારણે જે સભ્ય ભાડુઆતો છે તેમને હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. મોટાભાગના ભાડુઆતોની વિગતોની નોંધણી પોલીસ ચોપડે કરાઈ ના હોવાથી પાટનગરની સુરક્ષા પર પણ ખતરો તોળાઈ રહ્યો છે.

#### રહેણાંક વિસ્તારની હોસ્ટેલોની કોઈ નોંધણી નહીં

શહેરમાં અનેક સેક્ટરમાં રહેણાંક મકાનોમાં હોસ્ટેલ શરૂ થઈ જવા પામી છે જે એક વ્યવસાયિક પ્રવૃત્તિ છે. આમ જુઓ તો શહેરમાં રહેણાંક મકાનો અને વ્યવસાયિક ઉપયોગ માટેની ઈમારતોનો મિલ્કતવેરો અલગ અલગ હોય છે. રહેણાંક મકાનનો મિલ્કતવેરો રૂ. ૧૦ પ્રતિ ચોરસ મીટર જ્યારે વ્યવસાયિક ઉપયોગ માટેની ઈમારતનો રૂ. ૨૦ પ્રતિચોરસ મીટર મિલ્કતવેરો ભરવાનો હોય છે પરંતુ શહેરમાં રહેણાંક મકાનોમાં ચાલતી હોસ્ટેલ અંગે કોઈ સત્તાવાર નોંધણી કે જાણકારી ના હોવાથી તેનો વ્યવસાયિક ધોરણે મિલ્કતવેરો વસુલાતો નથી જેનુ તંત્રને નુકશાન થાય છે.

# જાખોરામાં ચામુંડા માતાનો આજે પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ

ગાંધીનગર, તા. ૧૧

શ્રી ચામુંડા સેવા ટ્રસ્ટ તથા સમસ્ત જાખોરા ગામમાં શ્રી ચામુંડા માતાજીના નવનિર્મિત મંદિરનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ તા. ૧૨મી મે ના રોજ જાખોરામાં યોજાયેલ છે.

મહાયજ્ઞના આચાર્ય નયનકુમાર વૈશ્યક વિધિ-પૂજા-અર્ચન કરાવશે. શ્રી ચામુંડા માતાજી, શ્રી મેલડીમાતાજી, શ્રી સિદ્ધેશ્વરી માતાજી, નાનબાઈ સિકોતર, શ્રી ગણપતિદાદા, શ્રી નારસુંગાવીર, હનુમાનદાદાની પણ પ્રાણ પ્રતિષ્ઠા કરાશે. તેમ ટ્રસ્ટના પ્રમુખ પુનમભાઈ કાળાભાઈ મકવાણાએ જણાવેલ છે.

# બ્રહ્મ સમાજના યુવાન કશ્યપ રાવલના કસ્ટોડીયલ ડેથ મામલે ન્યાય અપાવવા તંત્ર સમક્ષ કોંગ્રેસની રજૂઆત

પોલીસ તંત્ર કાયદો હાથમાં લઈને જાતે જ સજા આપવાની માનસિક્તાના લીધે ગુજરાતમાં માનવ અધિકારોનું સતત હનન થઈ રહ્યું છે. કસ્ટોડીયલ ડેથનો સુરેન્દ્રનગર ખાતે બનેલ ગંભીર બનાવ છતાં તંત્ર આંખ આડા કાન કરે તેવા સંજોગોમાં ભોગ બનેલ બ્રહ્મસમાજના યુવાનના પરિવારને ન્યાય મળે તે માટે રાજ્યપાલશ્રી, મુખ્યમંત્રીશ્રી, મુખ્ય સચિવશ્રી અને ગૃહ સચિવશ્રીને પત્ર લખી માંગ કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મહામંત્રીશ્રી નિશિત વ્યાસે જણાવ્યું હતું કે, ગુજરાતમાં કસ્ટોડીયલ ડેથના બનાવોમાં સતત વધારો થતો જાય છે અને પોલીસ દમનમાં પણ સતત વધારો થતો જાય છે. તે ગંભીર અને ચિંતાનો વિષય છે. પોલીસને જે તે ફરિયાદના આધારે આરોપીને પકડવાની છૂટ છે, પણ સજા કરવાની છૂટ નથી. જે તે ગુન્હાની નોંધાયેલી ફરિયાદ અંગે આરોપીને સજા કરવાની જવાબદારી ન્યાય તંત્રની છે.

તાજેતરમાં સુરેન્દ્રનગર ખાતે શ્રી કશ્યપ રાવલના કસ્ટોડીયલ ડેથની તપાસ માટે માનવ અધિકાર પંચે તાત્કાલિક સ્થળ મુલાકાત લઈ જવાબદાર પોલીસ અધિકારી – કર્મચારી સામે પગલાં ભરવા જોઈએ. જે ફરિયાદ, ગુન્હા અંગે શ્રી કશ્યપ રાવલને પોલીસે પકડ્યો હતો તેની નોંધ જે તે વખતે પોલીસ સ્ટેશન ખાતે કરી હતી ? અથવા તો વાયરલેસ દ્વારા જાણ કરી હતી ? શું કશ્યપ રાવલ સામે કોઈ પોલીસ ફરિયાદ થઈ હતી ? જેની નોંધ પોલીસ ચોપડે નોંધાયેલ છે? અથવા તો નાણાંકીય વસૂલાત માટે કયા મોટા નેતાએ ભલામણ કરી હતી? સત્તાધારી પક્ષના કયા નેતાની નાણાં ઉઘરાણી પોલીસ કરી રહી હતી ? જવાબદાર અધિકારીઓના કોલ ડિટેલ્સની પણ તપાસ થવી જરૂરી છે.

વધુમાં શ્રી નિશિત વ્યાસે જણાવ્યું હતું કે, સ્થાનિક કક્ષાએ કલેક્ટર અને ડી.એસ.પી. જેવા ઉચ્ચ અધિકારીઓને રજૂઆત કરવા છતાં પણ જવાબદાર અધિકારીઓ સામે ફરિયાદ નોંધવામાં આવતી નથી. તેથી મૃતકના પરિવારજનો તથા સ્થાનિક અગ્રણીઓ મૃતદેહ સ્વીકારવા તૈયાર નથી. પરિસ્થિતિ વધારે વણશે એ પહેલાં તાત્કાલિક સંડોવાયેલા અધિકારી- પોલીસ કર્મચારી સામે એફ.આઈ.આર. નોંધવામાં આવે અને તેની નકલ તેના પરિવારજનોને આપવામાં આવે અને માનવ અધિકાર પંચના ઉચ્ચ અધિકારીને સ્થળની મુલાકાત લેવાની સૂચના આપવામાં આવે એવી માંગ કરવામાં આવે છે.

# ખાતર મુદ્દે સાવરકુંડલા સહિત કેટલાક સ્થળો પર જનતારેડ

અમદાવાદ,તા. ૧૧

છેલ્લા બે-ત્રણ દિવસથી સમગ્ર સૌરાષ્ટ્ર સહિતના રાજયના જુદા જુદા વિસ્તારોમાં ખાતર કૌભાંડનો વિવાદ જોરદાર રીતે ગરમાયો છે. ગઈકાલે કોંગ્રેસના ધારાસભ્યો અને આગેવાનો દ્વારા ખેડૂતોને સાથે રાખી વિવિધ યાર્ડ અને ગોડાઉનમાં જનતા રેડ કરી ખાતરની તપાસણી કરતાં ખાતરના જથ્થામાં ઘટ હોવાની ચોંકાવનારી માહિતી સામે આવી હતી ત્યારે આજે પણ અમરેલી જિલ્લાના બાબરામાં કોંગ્રેસના આગેવાનો અને સાવરકુંડલામાં કોંગી ધારાસભ્ય પ્રતાપ દુધાતે ખેડૂતો સાથે સુવિધા કેન્દ્રમાં જનતા રેડ કરી હતી. રાજયના અન્ય સ્થળોએ પણ આવી જનતા રેડ અને બોરીઓમાં ખાતરનો જથ્થો ઓછો હોવાની વાત સામે આવતાં ખેડૂતોમાં ઉગ્ર આક્રોશ ફાટી નીકળ્યો હતો. અમરેલી જિલ્લાના બાબરામાં જનતા રેડ દરમ્યાન ખાતરની થેલીઓમાંથી સરેરાશ ૧૦૦થી ૫૦૦ ગ્રામ ખાતર ઓછુ હોવાનું સામે આવ્યું હતું. કોંગ્રેસના આગેવાનોની જનતા રેડ જોઈને સંચાલકોએ ડેપો બંધ કરી દીધો હતો. જેથી ખેડૂતોએ પુરતુ ખાતર આપવાની માંગ કરી છે. બીજી તરફ સાવરકુંડલામાં પણ ધારાસભ્ય પ્રતાપ દુધાતે સુવિધા કેન્દ્રમાં રેડ પાડી હતી. જે દરમિયાન સુવિધા કેન્દ્ર બંધ જોવા મળતાં રોષે ભરાયા હતા અને સંચાલકોને બોલાવીને ઉઘડા લીધો હતો.

FOR SALE BUNGALOW
WITH FIX FURNITURE
Sector-22, 135 Sq. Mtr.
Ground Floor 2Bhk
1st Floor 1Bhk
2nd Floor Cabin
470/1, Indraprasth Society,
Near Gh-6 Corner,
Contact: 9328832905
1.30Cr. (Negotiable)

ટચૂકડી જાહેર ખબર

**નામ/અટક બદલેલ છે**

મારું નામ/અટક કુન્નીસેરી ગોપાલાક્રિષ્ના લલીથા હતું તે બદલી કુન્નીસેરી લલીતા રાખેલ છે.

**કુન્નીસેરી ગોપાલક્રિષ્ના લલીતા**
જી-૬૦૩, પૂર્ણમ રેસીડેન્સી,
કુડાસણ, ગાંધીનગર

